PRO

## -: જાહેરનામું :-

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩(૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ ૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ:**

**નંબર : વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/ ૭૨ /૨૦૧૭**

હુકમ :-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું એ. કે. સિંઘ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ગુજરાત સરકારના ગૃહ વિભાગનાં તા.૦૮.૧૧.૧૯૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા.૦૭.૦૧.૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩(૧૯૭૪ ના નં.૨)ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ ૩૭(૩) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં **તા.૦૮.૦૯.૨૦૧૭ ના ક.૦૦.૦૦ વાગ્યાથી તા.૨૨.૦૯.૨૦૧૭ ના ક.૨૪.૦૦ વાગ્યા** સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ, અગર કોઇ સભા ભરવી કે, બોલાવવી નહી તેમજ કોઇ સરઘસ કાઢવું નહી.

<u>વિસ્તાર :</u> અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

<u>અપવાદ :</u> આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાન યાત્રા અને લગ્નનાં વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતનાં ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધિ કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત પોલીસ કમિશનરશ્રી/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીના હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. 30 / 8 /૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

(એ. કે. સિંઘ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર